# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

1) અંતરિયાળ સહિતના વિસ્તારોના રમતજગત પ્રતિભાઓને મંચ પુરું પાડતા ત્રીજા ખેલ મહાકુંભનો રાજકોટથી મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો.
2) જૂનાગઢ કેશોદમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ છ કરોડ કરતાં વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં આયોજીત ફ્લાવર શોની ઝલક સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ કરી.
4) ગાંધીનગર મહાનગરપાલિકાની અલગ અલગ જગ્યાઓ માટે આવતીકાલે 60 કેન્દ્રો ઉપર પરીક્ષા યોજાશે.
5) આજે વિશ્વ બ્રેઈલ દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા.

--------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM KHEL MAHKUMBH

અંતરિયાળ અને સ્થાનિક પ્રતિભાઓને મંચ પુરૂ પાડતા ખેલ મહાકુંભનાં ત્રીજા તબક્કાનો આજથી આરંભ થયો છે. રાજકોટ ખાતેથી ખેલ મહાકુંભનો આરંભ કરાવતા મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે ખેલ મહાકુંભે અનેક રમતવીરોને આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાનો અવસર પ્રદાન કર્યો છે. તેમણે કહ્યું હતું કે, રમત ગમતને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

. . . . . . . . . . . . .

# MANSUKH MANDAVIYA

કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયાએ આજે કેશોદ ખાતે 6 કરોડ 51 લાખ રૂપિયાના 110 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

આ પ્રસંગે બોલતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, ઘેડ પંથકમાં જે પૂરની સમસ્યા હતી, તેના નિરાકરણ માટેની યોજના બની ગઈ છે. આ વિસ્તારમાં નદી નાળા પહોળા કરવાની સાથે પાણીના યોગ્ય નિકાલ માટેનો પ્લાન બનાવવામાં આવ્યો છે. અંદાજે 450 કરોડના ખર્ચે ઘેડ પંથકમાં પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની દિશામાં કામગીરી કરવામાં આવી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . .

# ANAND AGRI UNI CONVOCATION

ગુજરાતનું પ્રાકૃતિક કૃષિ અભિયાન હવે 'રાષ્ટ્રીય મિશન' બની ગયું હોવાનું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે આણંદ ખાતે જણાવ્યું હતું. આણંદ કૃષિ યુનિવર્સિટીના ૨૧માં પદવીદાન સમારોહ આજે રાજયપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી હતી.

આ પદવીદાન સમારોહમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતે વિવિધ વિદ્યાશાખાના ૫૮૦ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી તથા ૪૩ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે સુવર્ણચંદ્રક એનાયત કર્યા હતા. રાજ્યપાલે શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ સંશોધનકર્તા અને શ્રેષ્ઠ વિસ્તરણકર્તાનું બહુમાન કર્યું હતું. તેમણે યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલનું વિમોચન પણ કર્યું હતું.

તેમણે પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતા કહ્યું હતુંકે આજે આ પધ્ધતિથી ખેતી કરનારો ખેડૂત આર્થિક રીતે વધુ સક્ષમ બન્યો છે અને વધુ ઉપજ મેળવી રહ્યો છે.

. . . . . . . . . . . . .

# GPSC EXAM

ગાંધીનગર કોર્પોરેશનની અલગ અલગ જગ્યા માટેની આવતીકાલે યોજાનારી પરીક્ષાઓ બાબતે જીપીએસસીના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું હતું કે ગાંધીનગર મનપાની ભરતી માટે અલગ અલગ ત્રણ પરીક્ષા લેવાશે. 15 હજાર જેટલા ઉમેદવારો પરીક્ષા આપશે. અમદાવાદ અને ગાંધીનગરના 60 જેટલા કેન્દ્રો ઉપર પરીક્ષા લેવાશે. HD કેમેરા સાથે રાખીને પરીક્ષા યોજાશે તેમ હસમુખ પટેલે જણાવ્યું હતું.

(બાઇટ- હસમુખ પટેલ, જીપીએસસી ચેરમેન)

. . . . . . . . . . . . .

# PM FLOWER SHOW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ ઇન્ટરનેશનલ ફ્લાવર શોની ઝલક શેર કરી હતી. શ્રી મોદીએ સોશિયલ મીડિયા X પર પોસ્ટ કર્યું કે, તેમને આ શો સાથે મજબૂત લગાવ છે, કારણ કે તેમણે મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન તેને વધતો જોયો છે. આવા શો કુદરતની સુંદરતાની ઉજવણી કરે છે અને ટકાઉપણું વિશે જાગૃતિને પ્રેરણા આપે છે. શ્રી મોદીએ વધુમાં ઉમેર્યું કે, આ ફ્લાવર શૉ સ્થાનિક ખેડૂતો, માળીઓ અને ઉત્સાહીઓને તેમની સર્જનાત્મકતા દર્શાવવા માટે એક પ્લેટફોર્મ પુરૂ પાડે છે.

. . . . . . . . . . . . .

# KUTCH AFTER SHOCK

કચ્છમાં ધરા ધ્રુજવાનો સિલસિલો યથાવત છે. નવા વર્ષ 2025ના આરંભે જ ત્રણ હળવા કંપન કચ્છમાં અનુભવાયા છે. આજે સાંજે ચાર વાગીને 37 મિનિટે ૩.૮ ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. જેનું કેન્દ્રબિંદુ દુધઈથી ૨૮ કિમી દૂર નોંધયું હતું. ગઈકાલે પણ ૨.૮ ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. જોકે આ કંપનને કારણે કોઇ નુકસાનીના અહેવાલ સાંપડ્યા નથી.

. . . . . . . . . . . . .

# AAROH-AVROHAN SPARDHA

જૂનાગઢમાં આવતીકાલે 39મી રાજ્યકક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે. રાજ્યના અલગ અલગ જિલ્લામાંથી કુલ 1 હજાર 207 સ્પર્ધકો આ સ્પર્ધામાં જોડાયા છે. આવતીકાલે સવારે 7 વાગે જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા આ સ્પર્ધાનો પ્રારંભ કરાવશે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા આ સ્પર્ધામાં પ્રથમ 10 વિજેતાઓને રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર અને મેડલ આપીને સન્માનિત કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# પ્રસ્તાવના

**આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

આજે વિશ્વ બ્રેઇલ દિવસ નિમિત્તે હવે પછીના સમાચાર વાંચશે પ્રજ્ઞાચક્ષુ વાચક સોનિયા રાજપૂત. જેઓ રાજકોટના વી ડી પારેખ અંધ મહિલા વિકાસ ગૃહમાં 12 ધોરણમાં ભણે છે.

હવે અંતમાં મુખ્ય સમાચાર ફરી એકવાર........

. . . . . . . . . . . . .

# WORLD BRAILLE DAY

આજના ચોથી જાન્યુઆરીના દિવસને વિશ્વ બ્રેઈલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુ અને આંશિક દ્રષ્ટિ ધરાવતા લોકો માટે સંદેશા વ્યવહારના સાધન તરીકે બ્રેઈલના મહત્વ અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે આ દિવસની ઉજવણી કરાય છે.

વર્ષ 2018માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ બ્રેઈલ પ્રણાલિના વિચારક લુઈસ બ્રેઈલની જયંતી નિમિત્તે ચાર જાન્યુઆરીને વિશ્વ બ્રેઈલ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો. પ્રજ્ઞાચક્ષુ અને આંશિક દ્રષ્ટિ ધરાવતા લોકો પુસ્તકો અને પત્રિકાઓ વગેરે વાંચવા માટે બ્રેઈલ લિપિનો ઉપયોગ કરે છે.

આજનાં આ દિવસ દરમિયાન રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં. લુઈસ બ્રેઈલનાં કાર્યોને બિરદાવીને અમદાવાદ સ્થિત અંધજન મંડળ સહિતની સંસ્થાઓમાં તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# SPECIAL KHEL MAHAKUMBH

દિવ્યાંગોના પ્રોત્સાહન અને રમત પ્રત્યેની રૂચિ વધારવાના આશય સાથે રાજ્ય સરકાર દ્વારા વિશેષ ખેલ મહાકુંભનું દર વર્ષે આયોજન થાય છે. ગુજરાત સરકાર દ્વારા યોજાનાર વિશેષ ખેલ મહાકુંભમાં પ્રજ્ઞાચક્ષુ લોકોને હરિફાઇમાં ભાગ લેવા માટેના વિવિધ રમતોના ફોર્મ ભરવાનો પ્રારંભ થઇ ગયો છે જેમાં ક્રિકેટ, ચેસ, તથા એથલેટિકસનો સમાવેશ થાય છે. રમતોમાં ભાગ લેવાની ઈચ્છા ધરાવતા પ્રજ્ઞાચક્ષુ સ્પર્ધકોએ ફોર્મ ભરવા માટે અંધજન મંડળના તારક લુહાર તથા દિનેશ પંડ્યાનો સંપર્ક કરવાનો રહેશે.

. . . . . . . . . . . . .

# SNR SHOOTING GOLD MADEL

નવી દિલ્હી ખાતે યોજાયેલી ૬૭મી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં સુરેન્દ્રનગરના ભુપેન્દ્ર પટેલે સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. ૫૦ મીટર ફ્રી પિસ્તોલ સ્પર્ધામાં  ૬૦૦ માંથી ૪૮૭ પોઇન્ટ સાથે ગોલ્ડ મેડલ મેળવીને પ્રથમ ક્રમ મેળવ્યો હતો.. ભારતભરમાંથી સાત હજાર ૫૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો..

ભુપેન્દ્ર પટેલે રાષ્ટ્રીય કક્ષાએ ૧૬ જેટલા ચંદ્રક  અને રાજ્યકક્ષાએ ૨૫ એમ કુલ ૪૧ જેટલા એવોર્ડ મેળવ્યા છે.

. . . . . . . . . . . . .

# SK VETERNITY VAN

સાબરકાંઠા જિલ્લામાં દસ ગામ દીઠ ફરતા મોબાઈલ પશુ દવાખાના દ્વારા એક વર્ષમાં એક લાખથી વધુ  પશુ- પક્ષીઓને સારવાર આપીને નવું જીવનદાન મળ્યું છે. સાજિલ્લામાં એક કરુણા એનિમલ એમ્બ્યુલન્સ -૧૯૬૨ અને  દસ ગામ દીઠ ફરતા કુલ ૧૫ પશુ દવાખાના કાર્યરત છે.

પ્રોજેક્ટ ઇન્ચાર્જ પ્રતીક સુથારના જણાવ્યા અનુસાર કરુણા એનિમલ એમ્બ્યુલન્સ હિંમતનગર દ્વારા કુલ ચાર હજાર ૭૦૮ જેટલા ઈજાગ્રસ્ત પશુ- પક્ષીઓને સારવાર અપાઇ  છે.

. . . . . . . . . . . . .